# સે-૨૧ રાખડી બજાર પર દબાણ શાખા ત્રાટકી

**વાર-તહેવાર એકબાજુ રાખીને દબાણો હટાવ્યાં : કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ સે.૨૧માં શાક માર્કેટ આસપાસના દબાણો પર ત્રાટકી : રક્ષાબંધનને પગલે ઉભા થયેલાં બિનઅધિકૃત રાખડીના મંડપો દૂર કરાયાં**







ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે સેક્ટર ૨૧માં શાકમાર્કેટ નજીક સપાટો બોલવતાં નડતરરૂપ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરમાં આગામી રક્ષાબંધન પર્વ નિમિત્તે સીઝનલ વેપાર માટે ઉભા થઈ ગયેલાં બિનઅધિકૃત રાખડીઓનાં તંબુઓ તેમજ લારી-પાથરણાંવાળાઓને હટાવાયા હતાં જેમાં વેપારીઓ દ્વારા ઉભા કરાયેલાં ત્રણ મોટા મંડપ અને પાથરણાં તેમજ નાના મોટા રાખડીઓના સ્ટોલનો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં શહેરીજનોની રોજબરોજની ખરીદી માટેના શાક બજાર તેમજ કરિયાણાથી માંડીને કપડાં સુધીની અન્ય ચીજવસ્તુઓ માટે જાણીતા સેક્ટર-૨૧માં સીજનલ ધંધા રોજગાર સાથે સંકળાયેલા વેપારીઓ દ્વારા વિવિધ સ્થળોએ પાથરણાં તેમજ નાના મોટા રાખડીઓના સ્ટોલ ઊભા કરી દેવામાં આવ્યા છે. સેક્ટર ૨૧ના ડિસ્ટ્રીક શોપિંગ સેન્ટર ખાતે રાખડીઓના ત્રણ મોટા મંડપ વેપારીઓ દ્વારા ઊભા કરી દેવામાં આવ્યા હતા જે બિનઅધિકૃત હોવાથી તેને ગાંધીનગર કોર્પોરેશન દ્વારા દૂર કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત આ વિસ્તારમાં વારંવાર ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવતા વાહનચાલકો પણ પરેશાન થતા હતા જેને ધ્યાનમાં રાખી કોર્પોરેશન દ્વારા નડતરરૂપ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં બારેમાસ ટ્રાફિકનું ભારણ રહે છે જેને લીધે કોર્પોરેશન દ્વારા અવારનવાર દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. શહેરમાં વિવિધ વિસ્તારમાં દબાણનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે જેને લઈને છેલ્લા કેટલાક દિવસથી ગાંધીનગર કોર્પોરેશન દ્વારા અલગ અલગ વિસ્તારમાં દબાણની કામગીરી ઉપર ભાર મુકવામાં આવી રહ્યો છે.

## વાવોલને જોડતાં અન્ડરપાસમાં પાણીના ભરાવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલી

**બપોરે પડેલાં વરસાદના પાણી સાંજ સુધી ઓસર્યા નહોતાં : પાણીમાં એક કાર બંધ પડી જતાં વાહનચાલકોને પણ પસાર થવું મુશ્કેલ બન્યું**



ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગરના મહાત્મા મંદિર પાસેથી રેલ્વે સ્ટેશનની બાજુમાં 'ખ' રોડથી વાવોલ તરફ 'ક' રોડને જોડતો બનાવયેલો અન્ડરપાસ વરસાદમાં સ્વિમિંગ પુલ બનતો જોવા મળી રહ્યો છે. આ અન્ડરપામાં ભરાતા વરસાદી પાણીને કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યાં છે. આજે વરસેલાં વરસાદી બપરે ઝાપટાંને પગલે અત્રે સાંજ સુધી પાણીનો ભરાવો રહેવા પામ્યો હતો અને એક વૈભવી કાર અન્ડરપાસમાં જ પાણી ભરાઈ જતાં બંધ પડી જવા પામી હતી જેના પગલે અન્ય વાહન ચાલકોને પસાર થવામાં પણ મુશ્કેલી નડી હતી.

ગાંધીનગરના નવનિર્મિત રેલ્વે સ્ટેશનની બાજુમાં નવો અન્ડરપાસ વિકસાવાયો છે જે અત્યારે વાવોલના નવા વિકસિત વિસ્તારને શહેર સાથે જોડે છે જેના કારણે આ વિસ્તારના વાહનચાલકોમાં તેનો ઉપયોગ દિનપ્રતિદિન વધતો જાય છે. આમ તો ભયજનક વળાંક ધરાવતો અને બંને તરફ મુખ્ય માર્ગને જોડાય છે ત્યાં સર્કલના અભાવને પગલે રોજીંદા ટ્રાફિકમાં પણ અકસ્માતના જોખમ સાથે નાની-મોટી ટક્કરો સર્જાતી રહે છે. હવે વરસાદી મૌસમમાં આ અન્ડરપાસમાં નવી સમસ્યાનો સામનો વાહનચાલકોને કરવો પડી રહ્યો છે. સામાન્ય વરસાદમાં પણ અન્ડરપાસમાં પાણીનો ભરાવો થાય છે અને આજે બપોરે વરસેલાં વરસાદી ઝાપટાં બાદ તો ભરાયેલાં વરસાદી પાણી સાંજ સુધી ઓસર્યા નહોતાં. આ પાણીમાં ફસાયેલી એક વૈભવી કાર પાણીમાં જ બંધ પડી જતાં રસ્તાની વચ્ચોવચ અટકી પડી હતી અને કાર ચાલકને કારનો દરવાજો ખોલીને બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું હતું. જોકે યુવા ચાલક યેનકેન કરીને કારની બહાર નીકળી કારના બોનેટની ઉપર ચઢી ગયો હતો. વચ્ચોવચ બંધ પડેલી આ કારને પગલે અન્ય કારચાલકો સહિતના વાહનચાલકોને પણ ત્યાંથી પસાર થવું મુશ્કેલ બન્યું હતું અને તેમને અન્ડરપાસની દિવાલ તરફ વધુ પાણી ધરાવતા ભાગેથી પસાર થવાનો વારો આવ્યો હતો. આ અન્ડરપાસમાંથી વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવાવી જોઈએ તેવી તાતી જરૂરીયાત જણાઈ રહી છે.

## દુષ્કર્મ કેસમાં આસારામે વિડીયો કોન્ફરન્સથી કોર્ટમાં હાજરી આપી

ગાંધીનગર તા ૪

આસારામ સામેના દુષ્કર્મ કેસમાં ગાંધીનગરની કોર્ટમાં આજે આસારામ સહીત અન્ય આરોપીઓની એફ એસ લેવામાં આવી હતી. જયારે આ પ્રક્રીયા દરમિયાન જોધપુર જેલમાંથી આસારામે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ગાંધીનગર સેસન્સ કોર્ટમાં હાજરી આપી હતી. દુષ્કર્મ કેસમાં આસારામ જોધપુર જેલમાં છે. આસારામ સામે નોંધાયેલા દુષ્કર્મના કેસમાં આજે ગાંધીનગરની સેસન્સ કોર્ટમાં આસારામ સહીત આરોપીઓનુ ફરધર સ્ટેટમેન્ટ લેવામાં આવ્યુ હતુ. આ કેસના આરોપીઓને આજે પોલીસ બન્દોબસ્ત વચ્ચે ગાંધીનગર કોર્ટમાં લવાયા હતા.દુષ્કર્મ કેસમાં આસારામ છેલ્લા કેટલાક વર્ષોથી જોધપુરની જેલમાં છે. જયારે અગાઉ પણ આસારામને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ગાંધીનગર કોર્ટમાં હાજરી આપી હતી. આજે ગાંધીનગરની સેસન્સ કોર્ટમાં આરોપીઓની જુબાની લેવામાં આવી હતી. જયારે આસારામને પણ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જેલમાં હાજર કરાયા હતા. જયારે હવે ગાંધીનગર કોર્ટ કમિશન આસારામની સહીઓ લેવા માટે જોધપુર કોર્ટ સુધી જશે. આસારામ સામે નોંધાયેલા આ દુષ્કર્મના કેસમાં કુલ ૭ આરોપીઓ પૈકી ૬ આરોપીઓ જામીન પર છે.

# આજથી ચૂંટણીપંચ કલેક્ટરોને ચૂંટણી પ્રક્રિયા અને આનુષાંગિક મુદ્દાઓ ઉપર તાલીમ આપશે

**બે દિવસની કોન્ફરન્સ : તંત્ર તડામાર તૈયારીમાં વ્યસ્ત પખવાડિયામાં બીજીવાર ચૂંટણીપંચની ટીમ ગુજરાત આવી રહી છે**

ગાંધીનગર, તા. ૪

આજથી ગાંધીનગર ખાતે વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ જિલ્લા કલેક્ટરો અને ચૂંટણીપંચના અધિકારીઓની બે દિવસીય બેઠકનો આરંભ થશે.

રાજ્યમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીને લઈ ચૂંટણી પ્રક્રિયા, નવા મતદાર નોંધણીના નિયમો, આચારસંહિતાના અમલ સહિતના વિષયોને લઈ આ કોન્ફરન્સ યોજાઈ રહી છે. ચૂંટણીપંચના અધિકારીઓની એક ખાસ ટીમ આ કોન્ફરન્સમાં કલેક્ટરોને માર્ગદર્શન આપવા આવી રહી છે. બે દિવસીય કોન્ફરન્સમાં ચૂંટણીના વિવિધ વિષયોને લઈ શાંતિપૂર્વક અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેના પર ભાર મુકવામાં આવશે.

આ ઉપરાંત વધુ ને વધુ મતદારો તેમના અધિકારનો ઉપયોગ કરે તેના પર ભાર મુકવામાં આવશે. આ માટે પંચ દ્વારા ખાસ એમ.ઓ.યુ. કરવામાં પણ આવી રહ્યા છે. મહાત્મા મંદિર નજીકની હોટલ લીલા ખાતે આ બે દિવસીય કોન્ફરન્સનો ૧૧ વાગે આરંભ થશે. રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો આમાં ભાગ લેશે. તંત્ર દ્વારા આ કોન્ફરન્સને લઈ તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. છેલ્લા એક પખવાડિયામાં બીજીવાર ચૂંટણીપંચની ઉચ્ચસ્તરીય ટીમ પાટનગરમાં આવી રહી છે. અગાઉ ઈ.વી.એમ.ના એફએલસી કાર્યક્રમ તેમજ મતદાર નોંધણીના નિયમોમાં કરાયેલા ફેરફારોની જાણકારી આપવા માટે બે દિવસીય કોન્ફરન્સ યોજવામાં આવી હતી. હવે આ બે દિવસીય કોન્ફરન્સમાં ચૂંટણીની પ્રક્રિયા અને તેના આનુસંગિક પાસાઓને લઈ કલેક્ટરોને તાલિમ અને માર્ગદર્શન આપવામાં આવશે. ચૂંટણીપંચ દ્વારા સામાન્ય ચૂંટણીઓને લઈ તૈયારીઓ હાલ ધીમી ગતિએ ચાલી રહી છે. પણ આગામી દિવસોમાં ચૂંટણીઓની તૈયારીઓ વેગીલી બનશે. વિવિધ સ્તરે તાલિમો આપવાની કામગીરી સપ્ટેમ્બરના અંત પહેલાં પૂર્ણ કરી દેવામાં આવશે તેમ પંચના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. દરમ્યાન ૧૨ ઓગષ્ટથી નવા નિયમો સાથે મતદાર નોંધણી અને સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશનો આરંભ થશે.

### એફએલસીની કામગીરી જોવા પંચના નિરીક્ષક વેરહાઉસ પહોંચ્યા

ગાંધીનગર, તા. ૪

જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીને લઈ ચાલી રહેલ એફ.એલ.સી. કાર્યક્રમને જોવા અને સમીક્ષા માટે ગઈકાલે પંચના નિરીક્ષક પ્રમોદકુમાર શાહુ બપોરે પંચના વેરહાઉસ પર પહોંચ્યા હતા. ત્યાં તેમણે એફ.એલ.સી.ની ચાલી રહેલી કામગીરીને નિહાળી હતી તેમજ વેરહાઉસની પણ સમીક્ષા કરી હતી. સ્વચ્છતા સહિતના વિવિધ મુદ્દાઓને લઈ તેમણે સમીક્ષા કરી હતી. આ વેળાએ જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારી ડૉ. આર્ય, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ગઢવી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં રીકવરી રેટ સારો પણ સંક્રમણ સ્થિર થયું : શહેર-જિલ્લામાં નવા ૬૪ કેસ

**ત્રણ દર્દીને સારવાર માટે દાખલ કરાયા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં 3, માણસા-ગાંધીનગરમાં ૫-૫ તેમજ કલોલમાં ૨૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણમાં રિકવરીનો દર સારો હોવા છતાં કોરોનાનો કહેર યથાવત્ રહેવા પામ્યો છે. શહેરમાં આજે નવા ૨૮ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૩૬ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે એક જ દિવસમાં ૧૦૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬૦ અને શહેરમાં ૪૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયાનો આડકતરો એકરાર કરવામાં આવી રહ્યો છે. કોરોના ગાઈડલાઈનના પાલનમાં લોકો જે બેદરકારી રાખી રહ્યા છે તે તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે. શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશનથી જ કેસો વધી રહ્યા છે તેનો સ્વીકાર પણ તંત્રના સૂત્રો કરી રહ્યા છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં નવા નવા વિસ્તારો સામે આવી રહ્યા છે તે ચિંતાજનક છે. તંત્રએ ટેસ્ટીંગ અને સર્વેલન્સ અભિયાનને સઘન બનાવવા પર ભાર મુક્યો છે. ગાંધીનગર શહેરમાં આજે નવા ૨૮ કેસ નોંધાયા છે. આજે શહેરના સેક્ટરો અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં એક સરખા કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં બે પરિવાર કોરોનાની ઝપટે ચડ્યા છે. તો એક દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં સંક્રમણમાં મહિલા દર્દીઓની સાથે સાથે મોટી વયના લોકો સંક્રમિત થઈ રહ્ય હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં ૯ મહિલા દર્દી તેમજ પાંચ દર્દી ૬૦થી વધુ વયના છે. ૩ દર્દીઓ ૮૦ થી વધુ વય ધરાવે છે. સે. ૨૯માં આજે નોંધાયેલા કેસમાં ૯૧ વર્ષીય વૃદ્ધને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં આજે પેથાપુરમાં ૫, સે. ૧, ૨૯માં ૩-૩ કેસ, સે. ૨, કુડાસણ, રાયસણ અને સરગાસણમાં ૨-૨ કેસ, તેમજ સે. ૪, ૭, ૧૩, ૧૯, ૨૨, ૨૭, આઈઆઈટી, ઈન્ફોસીટી, વાવોલમાંથી કેસો મળી આવેલ છે. સે. ૧માં એક દંપત્તિ કોરોનાની ઝપેટમાં તો સે. ૨૯માં પણ પરિવાર કોરોનાની ઝપેટમાં આવ્યુ છે. પરિવારો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા કેસમાંથી ૨૭ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યું છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે હાલ ૨૦૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૩૬ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસમાં ૧૫ મહિલા દર્દી, એક કર્મયોગી, ૭ દર્દી ૬૦ થી વધુ વયના એમાં પણ ૩ દર્દી ૭૦ થી ૮૫ વર્ષની વયના નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં બે દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૩, માણસા-ગાંધીનગરમાં ૫-૫ તેમજ કલોલમાં ૨૩ કેસ નોંધાયા છે. માણસા-કલોલ અને દહેગામમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા અને દોડધામ વધવા પામી છે. દહેગામ તાલુકામાં કરોલી, નવાનગર, સગદલપુર ગામમાંથી કેસો મળેલ છે. ગાંધીનગર તાલુકામાં ઈસનપુર ગામેથી ૩ કેસ તેમજ સાદરા અને અડાલજમાંથી કેસ મળી આવેલ છે. કલોલ તાલુકામાં સઈજ ગામમાંથી ૮, કલોલ શહેરમાંથી ૫, ડિંગુચામાંથી ૩, ભીમાસણ અને પાનસરમાંથી ૨-૨ કેસ ઉપરાંત કારોલી, નારદીપુર, રાંચરડામાંથી કેસો મળી આવેલ છે. માણસા તાલુકામાં માણસા શહેરમાંથી ૪ અને સોજા ગામેથી એક કેસ મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રાંચરડાના દર્દીને તેમજ દહેગામના શગદલપુરના દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૪ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૨૨૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ હજારથી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

### ૧૦ થી ૧૬ની આયુ ધરાવતા બાળકોના રસીકરણના અભિયાનનો આજથી આરંભ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ખાતે આજે ૧૦ થી ૧૬ વર્ષના બાળકોના કોરોના રસીકણ અભિયાનનો આરંભ થશે. રાજ્યના આરોગ્યમંત્રી દ્વારા આ અભિયાનનો આરંભ કરાવવામાં આવશે. સ્વામિનારાયણ ગુરૂકુળ સે. ૨૩ ખાતે આ રસીકરણ અભિયાનનો આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ આરંભ કરાવશે. આ અભિયાનમાં શાળાએ જતા અને શાળાએ ન જતા બાળકોને પણ આવરી લેવામાં આવશે. સવારે સાડા નવ વાગે અભિયાનનો આરંભ થશે.

### બે ઈંચ વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ તોફાની મિજાજમાં જોવા મળ્યા હતા. ધોધમાર વરસાદ વરસતા પલવારમાં જ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. જયારે સતત એક કલાક સુધી વિજળીના કડાકા ભડાકા થતા માર્ગ પર જતા વાહન ચાલકો બસ સ્ટોપ કે અન્ય સલામત સ્થળે ઉભા રહી ગયા હતા. વરસાદ પણ ધોધમાર વરસતો હોવાથી વાહનચાલકોને વિઝન મળતુ ન હતુ. શહેરના સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ઉભરતુ નજરે પડ્યુ હતુ. ભારે વરસાદમાં સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. શહેરના નિચાણવાળા વિસ્તારમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વરસાદી વાતાવરણથી શહેરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. આક્રમક વિજકડાકાથી બપોરે શાળાઓ છુટવાના સમયે વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ થોડીવાર માટે મુંઝવણમાં મુકાઈ ગયા હતા. જયારે વરસાદનુ જોર પણ વધુ હોવાથી ઘરની બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બન્યુ હતુ. જયારે કેટલાક વાલીઓ વરસાદના તોફાની મિજાજને ધ્યાને લઈ તુરંત જ શાળાએ પહોંચી બાળકોને ઘરે લઈ આવ્યા હતા. શહેર તેમજ ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતા વાહનચાલકો પણ માર્ગ વચાળે ખોટવાયા હતા. શહેરના મુખ્યમાર્ગો સહીત આંતરિક વિસ્તારો પર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. ચોમેર વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ. બપોરના સમયે વાદળ ગર્જના અને વિજળીના કડાકાથી ગાજતા આકાશમાંથી એક કલાકમાં બે ઈંચ જેટલુ પાણી પડયુ હતુ. ધોધમાર વરસાદી ઝાપટના અંતે વાતાવરણમાં ઠંડક પ્રવર્તી હતી જયારે સાંજના સમયે વાદળિયા વાતાવરણ વચ્ચે ઉકળાટનુ પ્રમાણ ફરી વધી ગયુ હતુ. જેના લીધે નગરજનોએ બફારો અનુભવ્યો હતો. દિવસ દરમિયાન મેઘરાજાનો તોફાની મિજાજ નગરજનો માટે ચર્ચાનો વિષય બની રહ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો કુલ વરસાદ ૪૪૦ મી મી નોંધાયો છે. અંદાજિત ૧૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. શહેરમાં સિઝનનો ૫૫ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. જયારે આજે તોફાની વરસાદના અંતે મહત્તમ તાપમાન ૩૧.૫ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૨ ડીગ્રી રહ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો જયારે સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ ૯૨ થી ૯૭ ટકા રહ્યુ હતુ.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જો એ પડે તો પાછોતરો વરસાદ કહેવાય જે પરાણે રોકી ગયેલા મહેમાન જેવો લાગે..!પણ એ સમયસર સમેટાઈ જતો હોય છે..જો એમાં વાર લાગે તો આપણને બીક એ વાતની હોય છે કે વરસાદ નવરાત્રી તો નહીં બગાડે ને ?!

શ્રાધ્ધનો જે સમય હોય છે એ આમ તો વરસાદના ઉઘાડબંધનો નજારો હોય છે..તડકો એનો વટ જમાવવાની કોશિશ કરતો હોય ત્યાં આકાશી વિખૂટી પડેલી વાદળીઓ એને ભગાડી મૂકતી હોય છે. આકાશ એકદમ એકદમ સ્વચ્છ સ્નાન કર્યા પછીની સ્ફૂર્તિ જેવું લાગે છે..કયાંક ઝરમર કયાંક ફોરાં તો વળી કયાંક એકદમ કરફયુ મુકિત જેવી સંપૂર્ણ રાહત એમ ચોમાસું એની લીલા આટોપતું રહે છે..

અગલે બરસ મિલેંગે જેવી આમ તો એની અદા હોય છે. અને એ રીતે જ એનું ચક્ર ચાલતું રહે છે.ક્યારેક વચાળે પડી જતો કમોસમી વરસાદ એ એની હતાશા જેવો હોય છે ! આપણી ભાષામાં એને માવઠું કહે છે..વૈશાખ જેઠના ઉકળાટથી ભાદરવાના ઉતરાર્ધના ઉઘાડ સુધી ચોમાસાના અવનવા રંગો જોયા પછી પ્રકૃતિનો એક અનોખો મિજાજ પ્રગટતો હોય છે જે કયારેક સંધ્યા સમયે ખીલી ઉઠતા મેઘધનુષમાં છવાઈ જતા જોવા મળે છે..!

### ડ્રોન ટેકનોલોજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપયોગની ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજનાનો શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ૦૫મી ઓગસ્ટે રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીનગરના ઈસનપુર મોટા ગામેથી કરવામા આવશે. આ પ્રસંગે ઈફકોના ચેરમેન શ્રી દિલિપભાઈ સંઘાણી ઉપસ્થિત રહેશે.

કૃષિ મંત્રીશ્રી શ્રી રાઘવજીભાઈ પટેલ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકા ખાતેથી અને કૃષિ રાજય મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ભટગામેથી શુભારંભ કરાવશે.જયારે ડાંગ જિલ્લા સિવાય બાકીના તમામ જિલ્લાઓમા આજ દિવસે શુભારંભ કરવામાં આવશે.

કૃષિ મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે પ્રથમ યોજનામાં એટસોર્સ પદ્ધતિમાં કુલ રૂ.૧૨૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે જે અંતર્ગત ઈફકો સંસ્થા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવશે.જેના થકી ૧૫૦૦ એકરના બે થી ત્રણ ગામોના ક્લસ્ટર બનાવી નેનો યુરીયાનો છંટકાવ કરવામાં આવશે.જ્યારે બીજી યોજના અંતર્ગત આઈ-ખેડૂત પોર્ટલ પદ્ધતિમાં કુલ રૂ.૨૩૦૦લાખની જોગવાઈ કરવામાં આવી છે.